# ભરૂચની શ્રીરામ લિમિટેડનું કેમિકલ્સ એન્ડ એલ્કલી મેન્યુફેક્ચરિંગ યુનિટ માનવતાવાદી અને પર્યાવરણ ઉન્મુખ ગતિવિધિઓની ખાતરી કરે છે: વિક્રમ શ્રીરામ

ભરૂચ, તા.૦૮ : ડીસીએમ શ્રીરામ લિમિટેડનું મેન્યુફેક્ચરિંગ યુનિટ શ્રીરામ કેમિકલ્સ એન્ડ એલ્કલી, ભરૂચ સુરક્ષા વ્યવસ્થામાં ઉત્કૃષ્ટ ઉપલબ્ધિઓ માટે કેમિકલ સેક્ટરમાં ગોલ્ડ એવોર્ડ હાંસલ કરનારી મુખ્ય દાવેદાર રૂપે ઉભરી છે. નવી દિલ્લી આધારિત ગ્રીનટેક ફાઉન્ડેશન અનુસાર શ્રીરામ એલ્કલી એન્ડ કેમિકલ્સ ગોલ્ડ કેટેગરીમાં ભાગ લેનારી ૫૦૦ કંપનીઓમાંથી એક છે.

કાર્યસ્થળ પર સુરક્ષા, પર્યાવરણ સંરક્ષણ, જળવાયુ પરિવર્તન અને સીએસઆર ગતિવિધિઓને પ્રોત્સાહન આપવાના સતત પ્રયાસો સાથે શ્રીરામ એલ્કલી એન્ડ કેમિકલ્સ, ભરૂચે સેક્ટરમાં સહકર્મીઓની તુલનામાં પોતાના માટે ખાસ જગ્યા બનાવી લીધી છે.



ડીસીએમ શ્રીરામ લિમિટેડના ચેરમેન અને સીનિયર મેનેજિંગ ડિરેક્ટર શ્રી અજય શ્રીરામ અને વાઇસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિક્રમ શ્રીરામે કહ્યું કે, ડીસીએમ શ્રીરામ લિમિટેડમાં અમે સુરક્ષા નીતિઓને ખાસ મહત્વ આપીએ છીએ, સુરક્ષા અમારી સામુહિક કાર્યપ્રણાલીનું અભિન્ન અંગ છે. શ્રીરામ કેમિકલ્સ એન્ડ એલ્કલી માટે ગોલ્ડ જીતવું અમારી માનવતાવાદી અને પર્યાવરણ ઉન્મુખ ગતિવિધિઓની ખાતરી કરે છે. અમે હંમેશાથી અમારા સંસાધનોના સંરક્ષણ માટે પ્રયાસરૂપ છીએ.

કાર્યક્રમમાં ગ્રીનટેક ફાઉન્ડેશનના ચીફ એડ્વાઇઝર શ્રી આર.કે. દૂબે તથા ગ્રીનટેક ફાઉન્ડેશનના ચેરમેન અને સીઇઓ શ્રી કે. શરણ પણ ઉપસ્થિત હતા. મૈસર્સ શ્રીરામ એલ્કલી એન્ડ કેમિકલ્સના એચઓડી - ઇએચએસ ડૉ. આર. એન. સાહૂએ પુરસ્કાર પ્રાપ્ત કર્યો.

આ ઉપરાંત શ્રીરામ એલ્કલી એન્ડ કેમિકલ્સને પર્યાવરણ મેનેજમેન્ટમાં ઉત્કૃષ્ટ ઉપલબ્ધિઓ માટે કેમિકલ સેક્ટરમાં સિલ્વર એવોર્ડથી પણ સંમ્માનિત કરવામાં આવ્યા. આ પુરસ્કાર શ્રીરામ એલ્કલી એન્ડ કેમિકલ્સમાં એચઓડી-ઇએચએસ ડૉ. આર.એન.સાહૂએ પ્રાપ્ત કર્યો.